# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૩ ૨૦૧૮ : ફેબ્રુઆરી

અંક : ૨ આજીવન : રૂ. ૧૦૦૦/–



**: તંત્રી :**

**શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ**

"શ્રી બ્રહ્મધામ", મહિલા સ્વામિનારાયણ મંદિર પાસે,

મહુધા–૩૮૭૩૩૫ ફોન : ૦૨૬૮–૨૫૭૨૦૪૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/–

| | | | |
|---|---|---|---|
| ૧. | તેજસ આર. મહેતા | સુરત | ૪૬૦૦ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. શ્રી મધુકાન્તાબેન મહેશકુમાર ત્રિવેદી<br>હસ્તેશ્રી મનોજકુમાર ત્રિવેદી | કેનેડા | ૧૫૫૧/– |
| ૨. | શ્રી અરૂણાબેન સુરેશચંદ્ર દવેની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ | અમદાવાદ | ૩૧૦૨/– |
| ૩. | સ્વ. શ્રી ડો. કિરીટભાઈ કે. પંડ્યાની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ | અમદાવાદ | ૧૫૫૧/– |
| ૪. | ડૉ. કુસુમબેન કે. પંડ્યાની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ | અમદાવાદ | ૧૫૫૧/– |
| ૫. | સ્વ. શ્રી કપિલાબેન નટવરલાલ દવેની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ | અમદાવાદ | ૧૫૫૧/– |
| ૬. | સ્વ. શ્રી નટવરલાલ જેઠાલાલ દવેની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ | અમદાવાદ | ૧૫૫૧/– |

### અવસાન નોંધ

– મૂળ ઉમરેઠ નિવાસી હાલ અમેરિકા ભટ્ટ મહેન્દ્રપ્રસાદ મોતીલાલનું તા. ૨૪–૧૨–૨૦૧૮ નોટો અમેરિકા નિવાસે દુ:ખદ અવસાન થયેલ છે. તેમના પરિવાર તરફથી રૂ. ૫૦૧/– સ્મૃતિભેટ મળેલ છે.

– નડિયાદ નિવાસી ગં.સ્વ. લાભુબેન રામશંકર પંડ્યા (શ્રી સતિષચંદ્ર આર. પંડ્યા, ભૂ.પૂ. ઉપપ્રમુખ શ્રી અ.ભા.બા.ખે.હિ.સભા અને ભૂ.પૂ. પ્રમુખ – શ્રી બા.ખે.વિ.સ.સ.મં.લિ. અમદાવાદના માતૃશ્રી)નું તા. ૭–૨–૨૦૧૯ને ગુરૂવારે સ્વર્ગવાસ થયેલ છે. તેમના પરિવાર તરફથી "બાજખેડાવાળ પત્રિકા"ને રૂ. ૫૦૧/– સ્મૃતિભેટ મળેલ છે.

# તંત્રી લેખ...

## સમય, ક્ષણ, પળ, ઘડી, વખત...

કોઈનાય માટે થંભતા નથી કે રોકાતા નથી, બસ વહ્યે જ જાય છે. કોઈ જ બહાનાં તમારાં, સમયને ધીમો પાડી શકતાં નથી. તમારી કોઈ જ ફરિયાદોને સમય સાંભળતો નથી. ગયેલો સમય કદીયે પાછો આવવાનો નથી, માટે કદીયે સમયને અકારણ ચિંતા, ગુસ્સો, ખેદ કે ધિક્કારને કારણે વેડફો નહીં. સમય તો સતત વહ્યા જ કરશે, એ કદીયે તમારી સાથે તમારા રુદનમાં જોડાશે નહીં, તમારે જ એની સાથે જોડાવા પહેલ કરવી પડશે.

ભૂતકાળને ભૂલો, આવતીકાલની ચિંતા છોડો અને ફક્ત અને ફક્ત આજને માણો ને આનંદો. આજ જ તમારી છે એને સાચા હેતુ, સાચી લાગણી, સારા વિચારો, સારાં કાર્યો અને સારી સંગતે સુપેરે વાપરો, તો જ જીવનમાં કાંઈક પામશો.

સતત વહેતો ને ઉડતા જ રહેતા સમયના એ વહેણ અને ઉડાનને કોઈ જ રોકી શકવાનું નથી. તમારે જ તમારી પાંખોને ફેલાયેલી રાખીને, સમયની સાથે વહેવાનું કે ઉડવાનું છે અને તમારા જીવનને ઉત્તમ દિશા પુરી પાડવાની છે.

યાદ રાખો, ફરીથી કદીયે તમે, આ ક્ષણોમાં પસાર થઈ શકવાના નથી. એનો આલ્હાદ જો તમે નહીં માણો, તો તમે એનો આનંદ ગુમાવશો, એ નિઃશંક છે.

માટે સમયની ગતિશીલતાને હર ક્ષણ ધ્યાનમાં રાખીને તમારા પોતાને, કુટુંબ અને સમાજને માટે સક્રિય અને કાર્યશીલ બનો અને જીવનને જીવી જાણો.

હરરોજ તમારી આસપાસ ઘટતી જતી ઘટનાઓ, બનાવો અને પ્રસંગોને મૂલવવા ના બેસી જાઓ, એને સહજ ભાવે જુઓ, માણો, અનુભૂત પણ કરો, પણ કદી એની અસરોમાં વહી ના જાઓ. તો જ તમે જીવનની ખુશીઓને માણી શકશો અને એનો આનંદ અને આલ્હાદ અનુભૂત કરી શકશો. જો એથી વિરુદ્ધ તમે એમાં અને એની અસરોમાં વહી કે વણાઈ ગયા તો ખલાસ, જીવનમાં તમને ચોમેર દુઃખ જ દેખાશે. જીવનની હર પલને જો આનંદી લેવી હોય તો હર પળમાં જીવો અને એને માણો, તો જ જીવન જીવી શકાશે, આલ્હાદી શકાશે. અત્યારે સિદ્ધાર્થ રાંદેરીયાનું એક ગુજરાતી ચલચિત્ર “ચાલો જીવી લઈએ” બહુ જ સરસ અને ઉમદા સંદેશવાહી છે. એને જુઓ અને જીવનને આનંદો.

લિ. મહાવીરપ્રસાદ દેસાઈ
તંત્રી – બાજખેડાવાળ પત્રિકા
સંકલન – શ્રી જગતભાઈ દવે
શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



### સ્વ. શ્રી સોમેશ્વરભાઈ રાજારામ ભટ્ટ (મેલા શેઠ)

જન્મ. વિ.સં ૧૯૬૫ ફાગણ વદી–૨

સ્વ.વિ.સં. ૨૦૨૫ અષાઢ વદી–૬

શ્રી સોમેશ્વર રાજારામ ભટ્ટ ઉર્ફે મેલા શેઠને સમગ્ર સમાજ ઓળખે છે. જેની ઓળખ આપવાની જરૂર નથી. તેઓએ શ્રી તારાલક્ષ્મી બહેન સાથે સં. ૧૯૮૪ ફાગણ વદી–૧ના રોજ લગ્નગ્રંથિથી જોડાઈને પ્રભુતામાં પગલા પાડ્યા હતા. ત્યારબાદ તેઓએ ઉમરેઠ તેમજ દાહોદ મુકામે રાજારામ રણછોડદાસની પેઢીનો વહીવટ સંભાળી અને ઉમરેઠ અર્બન કો.ઓ.બેન્ક લી.ની સ્થાપના કરી હતી. અનેક ધાર્મિક તથા સામાજીક સેવાઓનો કામ પણ કર્યા હતા. પોતાના સ્વર્ગસ્થ પત્ની તારાબહેનની યાદમાં આણંદ મુકામે સ્મારક બનાવી એક સુંદર યાદગીરીનું ઉદાહરણ પૂરું પાડેલ છે. પ્રભુ તેમના આત્માને ચીરશાંતિ આપે તેવી પ્રાર્થના...

આપના બાળકો

| | |
|---|---|
| સ્વ. બાબુભાઈ સોમેશ્વર ભટ્ટ | ગં.સ્વ. બકુલાબહેન બાબુભાઈ ભટ્ટ |
| શ્રી ચંદ્રકાંતભાઈ સોમેશ્વર ભટ્ટ | સ્વ. અ.સૌ. હંસાબહેન ચંદ્રકાંતભાઈ ભટ્ટ |
| શ્રી બિપીનભાઈ સોમેશ્વર ભટ્ટ | સ્વ.અ.સૌ. ઉષાબેન બિપીનભાઈ ભટ્ટ |
| ગં.સ્વ. ઉર્મિલાબેન વિષ્ણુપ્રસાદ પંડ્યા | અ.સૌ. મૃદુલાબેન ઘનશ્યામભાઈ જોષી |

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



### સ્વ. અ.સૌ. તારાબેન સોમેશ્વરભાઈ ભટ્ટ

જન્મ. વિ.સં ૧૯૭૨ પોષ વદ-૯

સ્વ. વિ.સં. ૧૯૯૯ માગસર વદી-૨

સ્વ. અ.સૌ. તારાલક્ષ્મીબેનનો જન્મ વિ.સં. ૧૯૭૨ પોષ વદી -૯નો દિવસે થયો હતો. તેઓ સંવત ૧૯૮૪ ફાગણ વદી-૧ને સોમવારે શ્રી સોમેશ્વર રાજારામ ભટ્ટ ઉર્ફે શ્રી મેલા શેઠ સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા. ૨૭ વર્ષની નાની ઉંમરે બે દીકરીઓ અને ત્રણ દીકરાઓને મૂકીને વિ.સ. ૧૯૯૯ માગસર વદી-૨ના દિવસે દેહવિલય થયો હતો. તેમના સ્મરણાર્થે તથા પ્રેમના પ્રતિકરૂપે તેમના પતિ શ્રી મેલા શેઠે આણંદ મુકામે એક સ્મારક બનાવેલું છે. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ આપે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના.

આપના બાળકો

| | |
|---|---|
| સ્વ. બાબુભાઈ સોમેશ્વર ભટ્ટ | ગં.સ્વ. બકુલાબહેન બાબુભાઈ ભટ્ટ |
| શ્રી ચંદ્રકાંતભાઈ સોમેશ્વર ભટ્ટ | સ્વ. અ.સૌ. હંસાબહેન ચંદ્રકાંતભાઈ ભટ્ટ |
| શ્રી બિપીનભાઈ સોમેશ્વર ભટ્ટ | સ્વ.અ.સૌ. ઉષાબેન બિપીનભાઈ ભટ્ટ |
| ગં.સ્વ. ઉર્મિલાબેન વિષ્ણુપ્રસાદ પંડ્યા | અ.સૌ. મૃદુલાબેન ઘનશ્યામભાઈ જોષી |

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા

### સ્વ. અ.સૌ. શ્રી ઉષાબહેન બિપીનચંદ્ર ભટ્ટ

જ.તા. ૧૭–૫–૧૯૪૪ સ્વ. તા. ૨૧–૦૫–૨૦૧૮

સ્વ. અ.સૌ. ઉષાબહેનનો જન્મ ઉમરેઠ મુકામે થયો હતો. તેઓએ માતા–પિતા સાથે સુરતમાં રહી ફર્સ્ટ યર બી.એસ.સી. સુધીનો અભ્યાસ કરી તા. ૧૨–૫–૧૯૬૬ના રોજ ઉમરેઠ નિવાસી શ્રી બિપીનચંદ્ર સોમેશ્વર ભટ્ટ સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા. સ્વભાવે ખૂબ જ શાંત મૃદુભાષી, લાગણીશીલ અને ખૂબ જ ધાર્મિક ભાવનાવાળા હતા. તેઓ પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજના રંગથી રંગાયેલા હતા. બાળપણથી જ માતા–પિતાના ધાર્મિક સંસ્કારો તથા પોતાના જ ઘરમાં સ્વયંભૂ મહાદેવજીનું લીંગનું મંદિર હોવાથી ખૂબ જ ધાર્મિક જીવન વિતાવેલુ હતું. નજીકમાં સ્વામિનારાયણ મંદિર હોવાથી તેની પણ ખૂબ જ ભક્તિ કરેલી. ત્રણેય બાળકોને હીરા–મોતી અને માણેક તરીકે સંબોધતા અને તેમના આશીર્વાદથી ત્રણેય બાળકોએ યશસ્વી કારકીર્દી પ્રાપ્ત કરી છે. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરશાંતિ આપે તેવી પ્રાર્થના.

**શુભેચ્છક**

**શ્રી બિપીનચંદ્ર સોમેશ્વર ભટ્ટ** — **કુ. ક્રિષ્ણાબેન બિપીનચંદ્ર ભટ્ટ**
**શ્રી મનિષ બિપીનચંદ્ર ભટ્ટ** — **અ.સૌ. પારૂલ મનિષ ભટ્ટ**
**શ્રી ભાવિન બિપીનચંદ્ર ભટ્ટ** — **અ.સૌ. હિરલ ભાવિન ભટ્ટ**

**ચિ. દિગંત – ચિ. દેવિક – ચિ. વેદિક – ચિ. વિધિ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



### સ્વ. મધુકાન્તાબેન મહેશકુમાર ત્રિવેદી

જન્મ. તા. ૨૦-૧૨-૧૯૩૪ મરણ તા. ૧૧-૦૧-૨૦૧૯

અમારા પૂ.કાકીનો જન્મ ઉમરેઠ (વ્યાસનો ચોરો) નિવાસી શ્રી નાનાલાલ ચૂનીલાલ ભટ્ટ માતા ધનલક્ષ્મીબેન ત્યાં થયો હતો.

લગ્ન ઉમરેઠ (તરવાડી વાગો) નિવાસી સ્વ. મહેશકુમાર બાપાલાલ ત્રિવેદી સાથે થયો હતો. લગ્નજીવનમાં તેમને કંઈ સંતાન ન હતું પણ તેમણે દિયરના છોકરો મનોજ તથા ભીખુભાઈને ઉછેરીને મોટો કર્યો હતો. તેમણે સંતાન ન હતું તે છેલ્લે સુધી લાગ્યું નહતું.

શરૂઆતમાં પિતાના ઘરે નોન મેટ્રીક સુધી અભ્યાસ કર્યો હતો. લગ્ન પછી તેમણે સ્થાયી જીવન ઉજ્જૈન તેમના સાસરે વ્યથિત કર્યું હતું. પૂ.કાકીએ લગ્ન પછી ગુજરાતી સમાજ ઉજ્જૈનમાં શિક્ષિકાની નોકરી શરૂ કરી હતી અને પ્રિન્સીપાલના હોદ્દા પર રિટાર્યમેન્ટ લીધું હતું.

પૂ. કાકીની આખી જીંદગી સંઘર્ષ પૂર્ણ રહી. શાંન્તિ સંતોષી જીવન જીવ્યા. સમગ્ર જીવન સેવામાં અને જવાબદારીમાં પૂરું કર્યું. તેમના દિયરનો છોકરો મનોજ અને તેમનો ભાઈ (ભીખુ)ને સરસ કેળવ્યા. તેમણે માંદગી ક્યારેય અનુભવી નથી. છેલ્લો થોડો સમય અમને સેવાનો લાભ આપ્યો.

પૂ. કાકી અમને કાયમ સમજાવતા હતા કે જીવનમાં સૌએ સંપીને રહેવું એકબીજાને થાય એટલી મદદ કરવી. કુટુંબ ભાવના જ એ ઉત્તમ જીવન છે.

અમે સૌ આમ જ જીવવા પ્રયત્ન કરીએ છીએ અને સુખી છીએ. ઈશ્વરની સતત કૃપા અમારી ઉપર હોવાની અનુભવ થયા કરે છે.

**લી. મનોજકુમાર કનૈયાલાલ ત્રિવેદી (ગાંધીનગર)**
**પારૂલબેન મનોજકુમાર ત્રિવેદી**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૩૧૦૨/–ના દાતા



### શ્રી અરૂણાબેન સુરેશચંદ્ર દવે

શ્રી અરૂણાબેન સુરેશચંદ્ર દવે કે જેઓનો જન્મ શ્રી નિરંજનરાય પંડ્યાને ત્યાં ઉમરેઠ મુકામે થયેલ તેઓએ ઓલ્ડ એસ.એસ.સી. સુધી ઉમરેઠ મુકામે અભ્યાસ કરેલો ત્યારબદ ૧૯૬૨માં તેઓના લગ્ન ઉમરેઠ મુકામે જન્મેલ શ્રી સુરેશચંદ્ર મણીલાલ દવે સાથે થયેલા તેઓ ઉમરેઠ નિવાસી શ્રી નાનુભાઈ ગૌરીશંકર ભટ્ટના ભાણી થાય તેમના પતિશ્રી સુરેશચંદ્ર દવેના પિતાશ્રી દિલ્હી ખાતે નોકરીમાં કાર્યરત હોઈ તેઓએ દિલ્હી ખાતે બી.કોમ. સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ અને ૧૯૫૭માં બર્માસેલ કે જે હાલ ભારત પેટ્રોલિયમ તરીકે ઓળખાય છે. તેમાં નોકરીમાં કાર્યરત થયેલ અને હાલ અમદાવાદ મુકામે સ્થાયી રીટાયર્ડ થયા બાદ વડોદરા અને હાલ અમદાવાદ મુકામે સ્થાયી થયેલ છે. તેનોના લગ્નજીવનથી ત્રણ બાળકો શ્રી મુકેશ, શ્રી મમતા અને શ્રી પ્રિતી અવતરેલ. જે પૈકી શ્રી મુકેશભાઈ સુરેશચંદ્ર દવે–પંજાબ નેશનલ બેન્કમાં કલાર્ક તરીકે જોડાયેલ અને હાલમાં દિલ્હી મુકામે ડી.જી.એમ.ની પોસ્ટ પર કાર્યરત છે. તેમના પતિ અને પુત્રએ ઘણા બધા ગરીબ બાળકોને દિલ્હી મુકામે અભ્યાસમાં મદદ કરેલ અને તેઓને નોકરી પણ અપાવેલ છે. તેઓએ તેમના ૫૭ વર્ષના લગ્નજીવન પૂર્ણ થતા તે દિવસે જ સંસ્થામાં ફોન કરીને ડોનેશન આપવાની ઈચ્છા દર્શાવેલ અને તેજ દિવસે તેઓશ્રીએ એક લાખ રૂપિયા એજ્યુકેશન ફંડમાં અને એક લાખ રૂપિયા મેડીકલ ફંડમાં ડોનેશન આપી સંસ્થાને મદદ કરેલ છે. આ અગાઉ વર્ષ ૨૦૧૬માં પણ શ્રી સુરેશચંદ્ર દવે તથા તેમના ભાઈ શ્રી દિનેશચંદ્ર દવે એ મુરબ્બી સ્વ. શ્રી સુધાકરભાઈ ભટ્ટના સન્માન વખતે પણ એક લાખ પંચાવન હજાર રૂપિયા સંસ્થાને ડોનેશન આપેલ છે. જેની સંસ્થા તેમના સન્માન સમયે વિશેષ નોંધ લે છે. આ ડોનેશન તેઓએ દિલ્હી મુકામેથી અમદાવાદ સ્થાયી થયા બાદ સંસ્થાને વિવિધ પ્રવૃતિઓ જોઈને આપેલ છે અને સંસ્થાના ટ્રસ્ટીઓ તથા હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો દ્વારા સંસ્થાના વિકાસમાં જે કાંઈ પ્રવૃત્તિઓમાં તેમના કિંમતી સમય આપે છે તેને પણ બિરદાવે છે.

આજ રોજ તેમની દિકરી શ્રી પ્રિતી વડોદરા મુકામે રહે છે તેમની દિકરીના લગ્નપ્રસંગ હોઈ આવી શકેલ નથી તે બદલ તેઓએ ક્ષમા માગેલ છે. સંસ્થા આવી જ પ્રવૃતિઓ કરતી રહે તેવી શુભેચ્છા પાઠવેલ છે.

**શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ**
**ટ્રસ્ટી ગણ, વ્યવસ્થાપક સમિતિ તથા સમસ્ત બાજખેડાવાળ પરિવાર**

**શ્રી કમલેશ જ. ભટ્ટ** — **પ્રમુખ**
**હિતેષ પંડ્યા / સનત દવે** — **મંત્રી**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૩૧૦૨/-ના દાતા



**સ્વ. ડૉ. કિરીટભાઈ કે. પંડ્યા**
જ.તા. ૦૫-૦૬-૧૯૫૨
સ્વ. તા. ૧૦-૦૬-૨૦૧૬



**ડૉ. કુસુમબેન કે. પંડ્યા**
જ.તા. ૦૭-૦૫-૧૯૫૩

ઉમરેઠ વતની એવા. સ્વ. ડૉ. કિરીટભાઈ તેમના પિતા ડૉ. કાંતિલાલ સોમેશ્વર પંડ્યા તથા માતા પૂ. સુમિત્રાબેનના ચાર સંતાનો પૈકીના એક હતાં. માતા-પિતાની સેવા, સમર્પણની ભાવના બાળપણથી જ જોઈ હતી અને આજીવન ડૉ. કિરીટભાઈએ નિભાવી જાણી. નાની ઉંમરમાં જ પિતાની છત્રછાયા ગુમાવી છતાં સ્વબળે ડૉક્ટરની પદવી પ્રાપ્ત કરી હતી.

ડૉ. કિરીટભાઈના પિતાએ સિહુંજ, તા. મહેમદાવાદને કર્મભૂમિ બનાવી હતી અને ત્યાં જ સ્થાયી થયા હતાં. ડૉ. કિરીટભાઈ સરકારી આર્યુવેદ દવાખાનામાં વડોદરા જિલ્લામાં મેડીકલ ઓફિસર તરીકે વર્ષો સુધી કાર્યરત રહ્યા. સને ૨૦૧૦માં વયમર્યાદાને કારણે સેવામાંથી નિવૃત્ત થયા. આજે પણ તેમના કાર્યની સેવાની નોંધ, સુવાસ લોકો પ્રેમની યાદ કરે છે.

ડૉ. કિરીટભાઈ નિવૃત્તિ પછી પોતાના વતનનું ઋણ અદા કરવા ઉમરેઠમાં સ્થાયી થયા. અહીં પણ નાતજાતના વાડામાં બંધાયા વગર જરૂરિયાતમંદ વ્યક્તિ કે સંસ્થા કે વાડી કે સ્કૂલ હોય ઉદાર હાથે ફાળો આપતા રહ્યા હતા.

ડૉ. કિરીટભાઈના લગ્ન પણ ડૉક્ટર કુસુમબેન સાથે થયા હતાં. કુસુમબેન પણ પતિના સેવાભાવી કાર્યમાં યોગ્ય સાથ-સહકાર આપતા હતા. બંને ડૉક્ટર (દંપતી) BAPS સ્વામિનારાયણ મંદિરમાં ડોક્ટર તરીકે માનદ સેવા ખાસ્સા સમય સુધી આપતા રહ્યા. દરરોજ નિયમિત રીતે મંદિરમાં હાજરી આપવી. પૂજા પાઠ કરવા, પ્રદક્ષિણા કરવી અને પ્રાંગણમાં બેસવું. તા. ૧૦-૦૭-૨૦૧૬ના રોજ કોઈપણ તકલીફ વગર જ અક્ષરધામ થઈ ગયા સાથે અનેરી સુવાસ મુક્તા ગયા.

ડૉ. કિરીટભાઈની ખોટ તો પૂરાય તેવી નથી પરંતુ ડૉ. કુસુમબેન (પત્ની) તેમની સેવાકીય પ્રવૃત્તિને આગળ સતત વધારતા રહ્યા છે. ડૉ. કિરીટભાઈને શત શત વંદન...

**શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ**
**ટ્રસ્ટી ગણ, વ્યવસ્થાપક સમિતિ તથા સમસ્ત બાજખેડાવાળ પરિવાર**

**શ્રી કમલેશ જ. ભટ્ટ**
**પ્રમુખ**

**હિતેષ પંડ્યા / સનત દવે**
**મંત્રી**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



**સ્વ. કપિલાબેન નટવરલાલ દવે**

જ.તા. ૧૪–૦૧–૧૯૨૭ સ્વ.તા. ૩૦–૦૯–૧૯૯૮

ખેડા જિલ્લાના માતર ગામમાં બાજખેડાવાળ પરિવારમાં જન્મેલા કપિલાબેન એક વિનમ્ર અને હસમુખા સ્વભાવનું વ્યક્તિત્વ ધરાવતા હતાં. જ્યારે સ્ત્રીઓને કેળવણીનો અધિકાર બહુ ઓછો હતો તે સમયમાં ધોરણ ૭ સુધીનો અભ્યાસ કરેલ હતો. કપિલાબેન બાળપણથી જ નિર્ભય અને સત્ય ને સાથ આપનારા તથા સાહસિક હતાં. આ જ કારણે ૧૫ વર્ષની ઉંમર ભારત છોડો ચળવળમાં ભાગ લીધો હતો. સને ૧૯૪૨માં નટવરલાલ દવે સાથે લગ્નગ્રંથિથી જોડાયા અને ડાકોર મુકામે કન્યાશાળામાં શિક્ષિકા તરીકે કારકિર્દીમાં શરૂઆત કરી. કપિલાબેનને ગાવાનો બહુ જ શોખ હતો. તેઓ લગભગ રોજ રાત્રિ ભોજન બાદ લોકગીત તથા ભજન સુંદર અવાજમાં સંભળાવતા હતા.

૨૩ વર્ષની ઉંમરે પોતાના ત્રણ નાના બાળકો (૬ વર્ષ, ૩ વર્ષ, ૧ વર્ષ)ને લઈને એખલા મુંબઈથી મોમ્બાસા (કેન્યા સને ૧૯૫૧) દરિયાઈ જહાજમાં ૧૫ દિવસની કઠિન મુસાફરી કરી અને તેમના પતિ યુગાન્ડામાં સરકારી શિક્ષકની નોકરી કરતાં હતાં તેમની સાથે જોડાયા. કપિલાબેને તેમના પાંચ બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવાની સંપૂર્ણ જવાબદારી નિષ્ઠાથી નિભાવી. તેમના પુત્ર સાથે વાતચીતમાં જણાવ્યા મુજબ કપિલાબેન ખૂબ જ પ્રેમાળ હતા અને એક દિવસ અમે જ્યારે બિમાર હતા ત્યારે મોડી રાતે દવાઓ લઈ આવ્યા અને કપાળ ઉપર સતત ઠંડા પાણીના પોતા મુક્યાં હતાં. જ્યારે માતા ૪૦ વર્ષના હતાં ત્યારે તેમના દીકરા જગદીપભાઈ સપ્ટેમ્બર ૧૯૬૭માં ૨૩ વર્ષની નાની ઉંમરે એક કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યા તે વખતે તેમને સખત આઘાત લાગ્યો હતો. ત્યારબાદ માતાએ બાકીના જીવનના વર્ષો ખૂબ જ હતાશા સાથે જીવ્યા હતા. સને ફેબ્રુઆરી ૧૯૯૭માં કપિલાબેનના પતિ નટવરલાલ દવે અવસાન પામ્યા પછી તેઓનું સ્વાસ્થ્ય વધારે બગડ્યું અને ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૮ સુધી નર્સિંગ હોમમાં રહીને આરોગ્યની સંભાળ લેવી પડી હતી.

તેમના સંતાનોમાં નીલુબેન (હાલમાં અમેરિકા સ્થાયી છે), વિજયભાઈ (હાલમાં અમેરિકા સ્થાયી છે), પૃથ્વીશભાઈ (હાલમાં વડોદરા સ્થાયી છે), ભાર્ગવીબેન (હાલમાં ડાકોર સ્થાયી છે) તથા એક સ્વ. પુત્ર જગદીપ (જે નાની ઉંમરમાં અવસાન પામેલ હતા) સુખી, સંપન્ન જીવન જીવી રહ્યા છે. તેઓ હંમેશા કહે છે કે, કપિલાબેનને તેમના કુટુંબીજનો એક પ્રેમાળ, સંભાળ રાખનાર વ્યક્તિ તરીકે યાદ રાખવામાં આવશે. જેમણે મુશ્કેલીઓના સમયમાં હંમેશા તેમના પરિવારને મોટો ટેકો આપ્યો હતો. આવા કપિલાબેનને શત શત વંદન....

**શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ**


**ટ્રસ્ટી ગણ, વ્યવસ્થાપક સમિતિ તથા સમસ્ત બાજખેડાવાળ પરિવાર**

**શ્રી કમલેશ જ. ભટ્ટ** — **પ્રમુખ**

**હિતેષ પંડ્યા / સનત દવે** — **મંત્રી**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



### સ્વ. નટવરલાલ જેઠાલાલ દવે

જ.તા. ૨૭-૧૦-૧૯૧૬ સ્વ.તા. ૧૨-૦૨-૧૯૯૭

ડાકોરના વતની એવા બાજખેડાવાળ પરિવારમાં નટવરલાલ દવેનો જન્મ થયો. જ્યારે તેઓ માતાના છ માસના ગર્ભમાં હતા ત્યારે જ તેમના પિતાનું અવસાન થયું હતું અને જન્મ પહેલાં જ પિતાની છત્રછાયા ગુમાવી. તેમના માતા તથા દાદા તેમજ કાકાએ તેમને ઉછેર્યા કે જેઓ ડાકોરના રણછોડરાયજી મંદિર ખાતે સેવાનો અધિકાર ધરાવતા હતાં.

તેઓએ ઓલ્ડ એસ.એસ.સી. સુધી અભ્યાસ કર્યો. તેઓ ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા હતાં પરંતુ ખુબ જ નાણાંકીય ભીડને કારણે તેઓ ભણી શક્યા નહી. પરંતુ તેઓ વ્યાયામ અને બોડી બિલ્ડિંગ પ્રત્યે ખુબ જ સભાન હતાં અને આ સભાનતાને લીધે ડાકોર સ્કુલમાં વ્યાયામના કોચ તરીકે નોકરીમાં જોડાયા. તેઓ કુસ્તીના શોખીન હતા અને ખેડા જિલ્લામાં અગ્રણી કુસ્તીબાજ તરીકે ઓળખાતા હતાં. તેઓ એક ઉત્તમ આરોગ્ય ધરાવતાં હતાં અને ભાગ્યેજ આરોગ્ય તબીબની જરૂર પડી હતી. તેઓ ૧૯૩૮માં ડાકોર સ્કુલમાં ગુજરાતી, અંગ્રેજી, ઈતિહાસ, હિન્દી વગેરે વિષયના શિક્ષક તરીકે જોડાયા. આ પહેલા તેઓ ડાકોરમાં હોમગાર્ડ તરીકે માનદ્ સેવા પણ આપતા હતા.

તેઓએ ૧૯૪૨ની ભારત છોડો ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો અને તેમના પગમાં બુલેટ પણ વાગી હતી. ૧૯૪૭માં ભારત આઝાદ થયા બાદ સ્વાતંત્ર્ય સેનાનીનું પ્રમાણપત્ર પણ મળ્યું પરંતુ પેન્શન માટેનું ફોર્મ ભરવાની ના પાડી દીધી કે માતૃભૂમિની સેવા કરી છે તેના માટે રકમ ના લેવાય. આ જ બાબત દર્શાવે છે કે દેશપ્રેમ તેમનામાં વણાયેલ હતો.

યુગાન્ડા સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૧૯૫૧માં શિક્ષક તરીકે નિમણુંક કરવામાં આવી અને ૩૫ વર્ષની વયે યુગાન્ડા જવાનું નક્કી કર્યું. યુગાન્ડાના કમ્પાલા, જિન્જા, મબાલે ખાતેની વિવિધ પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે ફરજ બજાવી. તેઓએ શિક્ષણ સિવાય બે દાયકા સુધી યુગાન્ડામાં થિયોસોફીકલ સોસાયટીની વિવિધ પ્રવૃત્તિમાં સક્રિય રીતે ભાગ લીધો હતો. આ ઉપરાંત તેઓ મેનેજમેન્ટની વિવિધ સમિતિઓમાં પણ રહીને ઉત્તમ કાર્ય કર્યા હતા. તેઓ એક પ્રભાવશાળી સ્પીકર તરીકે પણ ઉભરી આવ્યા હતા. સને ૧૯૭૧માં યુગાન્ડામાંથી નિવૃત્ત થઈને વતન ડાકોર પાછા ફર્યા અને અહીં તેઓએ હાઈસ્કુલમાં થોડા વર્ષો શિક્ષક તરીકે સેવા બજાવી. ત્યારબાદ તેઓ થોડાક વર્ષ અમેરિકા ખાતે તેમની પુત્ર વિજયભાઈને ત્યાં રહ્યાં, થોડાક વર્ષ મુંબઈમાં બીજા પુત્ર પૃથ્વીશભાઈને ત્યાં રહ્યાં, અને પાછા ડાકોરમાં તેમના પુત્ર ભાર્ગવીબેન તથા કુટુંબી વડીલ શ્રી ધનલક્ષ્મીબેનને ત્યાં સમય પસાર કર્યો. ડાકોરમાં સંત પુનિત આશ્રમમાં પણ માનદ સેવાઓ આપી હતી અને ફેબ્રુઆરી ૧૯૯૭માં ડાકોર મુકામે જ અવસાન પામ્યા. તેઓ ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યના વાચક હતા. તેઓ પોતાની વિશાળ લાયબ્રેરી ધરાવતા હતાં. તેઓ ધર્મ, આધ્યાત્મિકતા, જ્યોતિષવિદ્યામાં ખુબ જ રસ ધરાવતા હતા. તેઓ સ્પષ્ટ વક્તા, હાજર જવાબી અને વ્યવહારું, મહેનતુ, મજબૂત સ્વાસ્થ્ય ધરાવનાર વ્યક્તિ તરીકે સદાય નજર સમક્ષ રહ્યા કરશે.

તેઓ ખુબ જ પ્રેમાળ પતિ હતાં અને પાંચ સંતાનોના પ્રેમાળ પિતા હતા. તેમણે બધા બાળકોમાં યોગ્ય સંસ્કાર સ્થાપિત કર્યા. આવા નટવરલાલ દવેને શત શત વંદન...

**શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ**

**ટ્રસ્ટી ગણ, વ્યવસ્થાપક સમિતિ તથા સમસ્ત બાજખેડાવાળ પરિવાર**

**શ્રી કમલેશ જ. ભટ્ટ**
**પ્રમુખ**

**હિતેષ પંડ્યા / સનત દવે**
**મંત્રી**

## શ્રી તુળજા ભવાની મંદિર ટ્રસ્ટ

શ્રી તુળજામાતા, મોઢવાડા, ઉમરેઠ–૩૮૮૨૨૦. જી આણંદ (ગુજરાત) (મો.) ૯૩૭૬૪૮૮૮૫૫

શ્રી તુળજા ભવાનીના ચાચર ચોકમાં વિ.સં. ૨૦૭૪ની નવરાત્રિ મહોત્સવ દરમિયાન આસો સુદ–૯નો હવન તા. ૧૮–૧૦–૨૦૧૮ના રોજ દર સાલની જેમ કરવા માટેનું આયોજન કરલે હતું.

આ હવન જે કરવામાં આવેલ તેમાંથી પ્રેરણા લઈને મોઢવાડાના રહીશ માઈભક્ત શ્રી હેમંતકુમાર શરદભાઈ પંડ્યાને પોતાના તરફથી પણ એક અલગ હવન કરાવવાનો વિચાર દર્શાવેલ હતો. જેના અનુસંધાને તેઓશ્રીએ વિ.સંવ. ૨૦૭૫ને પોષ સુદ પુનમે, શ્રી મા ના પ્રાગટ્ય દિને તા. ૨૧–૧–૨૦૧૯ના રોજ પણ હવનનું આયોજન કરેલ હતું અને વિદ્વાન કર્મકાંડી ગુરૂદેવશ્રી અલ્પેશભાઈ મારફતે હવન બપોરે ત્રણ વાગે શરૂ કરી રાત્રે આઠ વાગે પૂર્ણાહૂતિનું શ્રીફળ હોમીને સંધ્યા આરતી પરિપૂર્ણ કરેલ.

આ હવનના દર્શનનો લાભ ફળીયાના રહીશો તેમજ માઈભક્તોએ ભક્તિપૂર્વક લીધેલ હતો.

શ્રી હેમંતકુમારનો શ્રી તુળજાભવાની ટ્રસ્ટ આ માટે આભાર માને છે.

**હેમંત જોષી**
**મેનેજીંગ ટ્રસ્ટી**

---

## સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠ

**સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠ તરફથી આયોજીત ઈનામ વિતરણ તથા ભારતના સર્વશ્રેષ્ઠ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવાર્ડ વિજેતા શ્રી જીતેન્દ્ર જોષી સન્માન સમારંભ**

સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠ તરફથી શૈક્ષણિક, રમોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમ ક્ષેત્રે, વિજેતા નીવડેલા બાળકો તથા યુવાનોને ઈનામ વિતરણ કરવાનો તથા સમગ્ર ભારતના સિનીયર સિટીઝનો માટેની એક માત્ર સર્વોત્તમ સંસ્થા "ઓલ ઈન્ડિયા સિનીયર સિટીઝન કોન્ફડરેશન, નવી મુંબઈ" તરફથી શ્રી જીતેન્દ્ર જયંતીલાલ જોષી (રિટાયર્ડ એડીશનલ કલેક્ટર અને એડવોકેટ) અમદાવાદને અખિલ ભારતના "બેસ્ટ સિનીયર સિટીઝન–અર્બન"નો સર્વશ્રેષ્ઠ રાષ્ટ્રીય હિંદવાસૂર્ય મહારાણા પ્રતાપ એવાર્ડ મળેલ છે. તેમને સન્માનવાનો સમારંભ તા. ૨૦–૦૧–૨૦૧૯ને રવિવારના રોજ ઉમરેઠ મુકામે સુભાષચંદ્ર શેલત માજી રાજ્યકક્ષાના મંત્રીશ્રી તથા મુખ્ય મહેમાન તરીકે શ્રી હરીહરભાઈ ભુપતરાય ભટ્ટ, આમંત્રીત મહેમાન તરીકે શ્રી કિરીટભાઈ એમ. દવે ટ્રસ્ટીશ્રી, અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ, શ્રી અજીતભાઈ બી. દવે, પ્રમુખ સમસ્ત બાજખેડાવાળ મંડળ, ઉમરેઠ તથા અતિથી વિશેષ તરીકે શ્રીમતી હર્ષાબેન કુમુદચંદ્ર શેલત વિગેરે મહાનુભાવો હાજર રહેલ.

સમારંભની શરૂઆતમાં સૌ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ તથા પ્રમુખશ્રીએ મહાનુભાવોનો ટૂંકમાં પરિચય આપેલ અને સંસ્થાના ઉપપ્રમુખ શ્રી પ્રવિણચંદ્ર દવેએ સંસ્થાનો અહેવાલ વાંચી સંભળાવેલ.

સંસ્થાના પ્રમુખ શ્રી જીતેન્દ્ર જોષીએ મહેમાનોનું તથા સૌ જ્ઞાતિજનોનું સ્વાગત કરેલ અને તેમના સ્વાગત પ્રવચનમાં સર્વે જ્ઞાતિજનોને વિનંતી કેરલ કે તેઓ દાનની ગંગા વહાવી સંસ્થાને મદદરૂપ થાય.

આ સમારંભમાં ૬૫ ટકાથી વધુ ગુણ મેળવનાર ૫ થી ૧૨ ધોરણના ૩૭ વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને તથા રમતોત્સવમાં પ્રથમ અને દ્વિતિય આવેલ તેવા ૪૫ બાળકો તથા યુવાનોને તથા સાંસ્કૃતિક કાર્યક્રમ (ગીત સ્પર્ધા)માં ભાગ લેનાર ૬ સ્પર્ધકને ઈનામ વિતરણ કરવામાં આવેલ. ઉમરેઠ દુધ વાપરનારી સહકારી મંડળી લિ. તરફથી સંસ્થાને મળેલ ભેટના વ્યાજમાંથી ધો. ૧૧–૧૨ના ૪ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ.

આ સમારંભમાં ભારતના સર્વશ્રેષ્ઠ પ્રતિષ્ઠીત રાષ્ટ્રીય એવાર્ડ વિજેતા શ્રી જીતેન્દ્ર જોષીનું તમામ મંચસ્થ મહાનુભાવો દ્વારા બુકે તથા શાલ ઓઢાડી ભવ્ય સન્માન કરેલ ત્યારબાદ સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠના હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ પણ શાલ ઓઢાડી તથા મોમેન્ટો આપી તેઓનું સન્માન કરેલ. વધુમાં સમસ્ત બાજખેડાવાળ જ્ઞાતિ ઉમરેઠના ઉપપ્રમુખ શ્રી અજીતભાઈ દવે, સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠના ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ દવે, શ્રી વારાહી માતા ટ્રસ્ટના પ્રમુખશ્રી સુરેશભાઈ જોષી, શ્રી ઘનશ્યામપ્રસાદ જોષી તથા શ્રી શિરીષભાઈ ઠાકર તથા નિવૃત આચાર્યશ્રી સુરેન્દ્રભાઈ બાપાલાલ જોષીએ પણ જીતેન્દ્ર જોષીનું સન્માન કરેલ.

મંચસ્થ મહાનુભાવોએ તથા સમારંભના પ્રમુખશ્રી સુભાષભાઈ શેલતે તેમના પ્રવચનમાં શ્રી જીતેન્દ્ર જોષી દ્વારા જ્યેષ્ઠવયે કરાતા અનેક વિધ સેવાકાર્યોની ખૂબ જ પ્રસંશા કરી હતી. વધુમાં તેઓએ જણાવેલ કે આવો ભવ્ય એવોર્ડ પ્રાપ્ત કરી સમગ્ર ભારતમાં બાજખેડાવાળ જ્ઞાતિનું નામ રોશન કરી જ્ઞાતિરત્ન તરીકે શ્રી જીતેન્દ્ર જોષીએ સમાજને બહુ મોટી પ્રતિષ્ઠા અપાવી છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી જીતેન્દ્ર જોષીએ તેમના પ્રતિભાવમાં તેમને જે એવોર્ડ મળેલ તેની વિગત ટૂંકમાં આપી હતી અન તેમનું આવું સુંદર અને ભવ્ય સન્માન કરવા બદલ તમામ જ્ઞાતિજનોનો તથા સંસ્થાને દાન આપનાર દાતાઓનો અને કાર્યક્રમને સફળ બનાવનાર તમામ કાર્યકર્તાઓનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરેલો.

કાર્યક્રમ દરમ્યાન નીચે મુજબના દાતાઓએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો.

(૧) રૂ. ૧૫,૦૦૦/– શ્રી સુભાષચંદ્ર સોમેશ્વર શેલત, ઉમરેઠ (૨) રૂ. ૧૧,૦૦૦/– શ્રી રોહીતભાઈ સોમેશ્વર શેલત, ચેન્નઈ (3) રૂ. ૧૧,૦૦૦/– શ્રી અનિલભાઈ સોમેશ્વર શેલત, અમદાવાદ (૪) રૂ. ૧૧,૦૦૦/– શ્રીમતી હર્ષાબેન કે. શેલત, ઉમરેઠ (૫) રૂ. ૨,૦૦૦/– શ્રી યોગેશભાઈ એમ. શેલત, ઉમરેઠ (૬) રૂ. ૨,૦૦૦/– શ્રી અશ્વીનભાઈ બી. શેલત, ઉમરેઠ (૭) રૂ. ૫૦૦/– શ્રી ગોપાલભાઈ નર્મદાશંકર દવે, ઉમરેઠ (૮) અન્ય જ્ઞાતિજનો તરફથી રૂ. ૧૦૫૮/–

આ સમારંભના અંતે જ્ઞાતિજનો મિષ્ઠાન સાથેનું સ્વાદિષ્ટ ભોજન લઈ છુટા પડેલ.

આ સંસ્થા કેળવણી સંસ્થા હોઈ વધુમાં વધુ દાતાઓ દાન આપે તેવી વિનંતી છે. આ અંગે ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ પી. દવે, ભાટવાડા, ઉમરેઠ–૩૮૮૨૨૦ ફોન – ૦૨૬૯૨–૨૭૬૯૦૩ (મો.) ૯૪૨૭૮૫૩૧૨૦ને ક્રોસ એકાઉન્ટ પેઈ ચેક મોકલી આપવા વિનંતી છે. જરૂર જણાય તેમનો રૂબરૂ સંપર્ક પણ થઈ શકશે.

**જીતેન્દ્ર જોષી – પ્રમુખ**

## શ્રી અમરેશ્વર મહાદેવ – વારાહી માતા – કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલા, ઉમરેઠ–૩૮૮૨૨૦ (ગુજરાત) (મો.) ૯૮૨૪૫૯૬૬૯૬

જ્ઞાતિજનોને જણાવવાનું કે ઉમરેઠમાં આવેલ વિશ્વ વિખ્યાત શ્રી વારાહી માતાજીના મંદિરે કારતક સુદ પુર્ણિમાના રોજ ભવ્ય અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. માતાજીના મંદિર ઉપર ભવ્ય રોશની કરવામાં આવેલી હતી. અન્નકૂટ સાંજે ૭.૩૦ કલાકે આતીશબાજી સાથે તથા ડી.જે. સાથે સંગીતમય આરતી કરવામાં આવી હતી. આ આરતીમાં ઉમરેઠના નગરપાલિકાના ભાજપ પ્રમુખ શ્રીમતી સંગીતાબેન, પ્રકાશભાઈ તથઆ તેમના કુટુંબીજનો તેમજ આપણી જ્ઞાતિના શ્રીમતિ હર્ષાબેન કુમુદચંદ્ર શેલત પણ માતાજીની દિવ્ય આરતી ઉતારવામાં ભાગ લીધે હતો. માતાજીના અન્નકૂટના દર્શનનો લાભ ઉમરેઠની ધર્મપ્રેમી જનતાએ પણ લીધો હતો. માતાજીની આરતી બાદ રાત્રે ૮.૦૦ કલાકે શ્રી અમરેશ્વર મહાદેવવાડીમાં અન્નકૂટના ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. અમોને નીચેના દાતા તરફથી દાન મળેલ છે.

(૧) રૂ. ૧૫,૦૦૦/– હર્ષાબેન કુમુદચંદ્ર શેલત–ઉમરેઠ (૨) રૂ. ૩૦૦૦/– ગીરિશભાઈ રમણલાલ ઠાકર – ઉમરેઠ (૩) રૂ. ૨૦,૪૦૦/– પ્રવિણકુમાર ઘનશ્યામભાઈ જોષી – આણંદ

આ સિવાય પણ ઘણા ભક્તો તરફથી યથાશક્તિ દાન મળેલ છે. તે સર્વે દાતાઓનો વારાહી માતા ટ્રસ્ટી મંડલ ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. બીજું કે જ્ઞાતિજનોને જણાવવાનું કે ઉપરોક્ત ટ્રસ્ટના અમરેશ્વર મહાદેવ મંદિરમાં ભક્તોના સુવિધા માટે ચાર રૂમ બનાવવાનું આયોજન કરેલ છે. તો સર્વે જ્ઞાતિજનોએ ઉપરોક્ત કામ અંગે યથાશક્તિ દાન આપવા વિનંતી. ગત તારીખ ૨૫–૧૨–૧૮થી ૨૭–૧૨–૧૮ ત્રણ દિવસ શ્રી વારાહી માતાજીના હવન ચોકમાં પ્રજાપિતા બ્રહ્મકુમારી–ઉમરેઠ દ્વારા દુષ્યંતભાઈની ઉપસ્થિતિમાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલું હતું. આપણા ટ્રસ્ટ દ્વારા શિબિરમાં બનતી દરેક સુવિધાઓ આપવામાં આવી હતી. ટ્રસ્ટ વતી સુરેશભાઈ જોષી દ્વારા ઓમ શાંતિના કાર્યકરોના બેન શ્રીમતી નીતાબેનનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ શિબિરનો ઉમરેઠના ઘણા બધા નગરજનોએ લાભ લીધો હતો. તેમજ શ્રી અમરેશ્વર મહાદેવ મંદિરના ચોગાનમાં આપણી જ્ઞાતિના મંડળ દ્વારા યુવાનો તેમજ વડીલોની રમત–ગમત સ્પર્ધાનું આયોજન કરવમાં આવેલ હતું. આ પ્રસંગે ચા–નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલી.

**સુરેશભાઈ જોષી–પ્રમુખ**

## શ્રી સુરત બાજખેડાવાળ મહિલા મંડળ

૭/૨૪૫૬, જબરેશ્વર મહાદેવ ચોકી શેરી, સૈયદપુરા, સુરત - ૩૯૫૦૦૩

સપ્ટે. ૨૦૧૮ની મિટીંગ ચોપાટી-સીનિ.સિટીઝન ગાર્ડનમાં તિલોત્તમા દવે, કેતકી દવે અને શિતલ દવેના યજમાન પદે મળી હતી. જેમાં વન મિનીટ ગેમ અને હાઉઝી રમાડવામાં આવી હતી. ઈનામો દ્વારા વિજેતાઓને, તિલોત્તમાબેને નવાજ્યા હતા.

તા. ૧૦-૧૦-૧૮ના નવરાત્રી ગરબા અને આ સભાના યજમાન મંજુલબેન ત્રિવેદી હતા. ગરબા જયશ્રીબેન એમ. દવેના નિવાસસ્થાનના પટાંગણમાં યોજાયા હતા. મંડળ તરફથી લ્હાણી સભ્ય બહેનોને આપવામાં આવી હતી. જયશ્રીબેનના પરિવારે ખુબ જહેમત ઉઠાવી હતી. મંજુલબેને સહુને સઆગ્રહ અલ્પાહાર પીરસ્યો હતો.

નવેમ્બર માસની મિટીંગના સ્પોન્સર, શૈલાબેન મહેતા હતા. દિવાળી-નૂતન વર્ષાભિનંદનનાં અભિનંદન બાદ લખવાની, વન મિનીટ ગેમ અને હાઉઝી રમવાનાં ઈનામો-અલ્પાહાર શૈલાબેનના પ્રેમ થકી મેળવી, સહુ બહેનો ખુશ હતી.

ડીસેમ્બર માસની મિટીંગ, આશાબેન ઠાકરનાં નિવાસસ્થાને મળી હતી. જેમાં તેમની એનીવર્સરીની ઉજવણી અંતાક્ષરીના ગીતો દ્વારા કરવામાં આવી હતી.

તેમનાં અલ્પાહારને ન્યાય આપી સહુ બહેનો, સ્વગૃહે પ્રયાણ કરી ગઈ હતી.

૨૦૧૯ના નવા વર્ષની પ્રથમ મિટીંગ તા. ૧૨-૧-૧૯ શનિવારે ૪.૦૦ કલાકે પલ્લવીબેન તરવાડી અને જયશ્રીબેન ડી. દવેનાં યજમાન પદે, પલ્લવીબેનને ત્યાં મળી હતી.

મિટીંગમાં ગત વર્ષના હિસાબ રજુ કરાયો હતો. સર્વાનુમતે મંજુરી મળી હતી.

ફી ભરનાર બહેનોનો લકી ડ્રો દ્વારા વિજેતા જાહેર કરાયા હતા.

દિપીકાબેન પંડ્યાનાં સસરાનાં અવસાન થવાથી બહેનોએ, બે મિનીટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપી હતી.

બહેનોનાં મનોરંજનાર્થે હાઉઝી રમાડવામાં આવી હતી.

યજમાનોનાં સુંદર અલ્પાહારને સહુએ લહેજતથી માણ્યો હતો.

**તિલોત્તમા દવે - પ્રમુખ**

---

## શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ - ભરૂચ

શ્રી બાજખેડાવાળની વાડી, પુરાણી માર્ગ, શેઠ ફળીયા પાસે, ભરૂચ.

(મો.) ૯૪૦૯૦૪૪૯૪૭, ૯૪૨૬૪૭૨૭૦૪

શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ-ભરૂચ અને શહેરી આરોગ્ય કેન્દ્ર ધોળીકૂઈના સંયુક્ત ઉપક્રમે તા. ૮-૧-૧૯ના રોજ શ્રી બાજખેડાવાળની વાડી ભરૂચ ખાતે નિ:શુલ્ક સર્વ રોગ નિદાન અને સારવાર મેડીકલ કેમ્પ રાખામાં આવ્યો હતો. જેમાં ડૉ. ફરહીન અને તેમની ટીમે આશરે ૧૫૦ જેટલા દર્દીઓના બ્લડ ટેસ્ટ, ડાયાબીટીશ તથા હિમોગ્લોબીનના ટેસ્ટ કરી દર્દીઓને તપાસી જરૂરીયાત મુજબ દ દીઓને ફ્રીમાં દવાઓ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં જ્ઞાતિના ટ્રસ્ટી ઉપેન્દ્રભાઈ ડણાક, પ્રમુખ શૈલેશકુમાર દવે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાતિના યુવા મંત્રી શ્રી હર્ષ દવે તરફથી ડૉક્ટર, નર્સીંગ સ્ટાફ, સ્વયંસેવકો સહીત

ઉપસ્થિત મહાનુભાવો માટે ચ્હા–કોફી–નાસ્તો આપવામાં આવ્યો હતો.

શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ–ભરૂચને નીચે જણાવેલ દાતાશ્રીઓ તરફથી દાન મળેલ છે. જેનો જ્ઞાતિ સમાજ ઋણ સ્વીકાર કરે છે.

(૧) શ્રી રાજેન્દ્રભાઈ ભટ્ટ તરફથી વિદ્યાર્થીઓને ગીફ્ટ આપવા માટેના રૂ. ૧૦૪૫૦/– મળેલ છે. (૨) શ્રી નિલેશભાઈ દેસાઈ તરફથી સમિતિના કમિટી સભ્યો અને કલાકારોને આશરે રૂ. ૪૫૦૦/– સુધીની ગીફ્ટ આપવામાં આવી. (૩) શ્રી પંકજભાઈ રમણલાલ દવે તરફથી વાડીમાં ટ્યુબલાઈટ નાખવા માટે રૂ. ૧૭૫૦/– મળેલ છે. (૪) સ્વ. નવનીતલાલ પ્રેમાનંદ ડણાક તથા સ્વ. શાંતાબેન નવનીતલાલ દણાકના સ્મરણાર્થે હસ્તે સરલાબેન રમેશચંદ્ર શેલત–અમદાવાદ તરફથી વિધવા સહાય ફંડમાં રૂ. ૨૧૦૦૦/– મળેલ છે.

શ્રી બાજખેડાવાળ યુવા સમાજના પ્રમુખશ્રી રાકેશ દણાક અને તેમની ટીમ તરફથી તા. ૧૪–૧–૧૯ના રોજ ઉત્તરાયણમાં નહિ નફો નહિ નુકશાનના ધોરણે ઉંધીયું અને જલેબીનું વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમને સફળ બનાવવા યુવા ટીમે ખૂબ મહેનત કરી. યુવકોને પ્રોત્સાહીત કરવા સમિતિના સભ્યોનો સુંદર સહયોગ રહ્યો.

અવસાન નોંધ – કારોબારી સભ્યશ્રી રાજેન્દ્રકુમાર ભાનુશંકર ભટ્ટના માતૃશ્રી સવિતાબેન ભાનુશંકર ભટ્ટનું દુ:ખદ અવસાન થયેલ છે. ભગવાન સદ્‌ગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

| | | |
|---|---|---|
| **પરેશકુમાર ભટ્ટ** | **અતુલભાઈ ડોલીયા** | **શૈલેશકુમાર દવે** |
| **માનદ્ મંત્રી** | **ઉપપ્રમુખ** | **પ્રમુખ** |

## શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

**અન્નપૂર્ણા સહાય યોજના**

રૂ. ૧૫૦૧/– સ્વ. હંસાબેન રમણભાઈ દવેના સ્મરણાર્થે હસ્તે શ્રી રમણભાઈ બી. દવે, રૂ. ૧૦૦૦/– શ્રી પ્રધુમનભાઈ હરીશંકર ભટ્ટ તરફથી, રૂ. ૨૫૦૦૦/– શ્રી જનક જયંતીલાલ શેલત તરફથી સ્વ. જયંતિલાલ સુરજરામ શેલત તથા સ્વ. વસુમતિ જયંતિલાલ શેલતના સ્મરણાર્થે

**વિદ્યોતેજક ફંડ**

રૂ. ૨૫૦૦૦/– શ્રી રમેશભાઈ મનુભાઈ દવે તરફથી, રૂ. ૩૨૦૦૦/– સ્વ. જયંતિલાલ દેવશંકર શેલતના સ્મરણાર્થે હસ્તે શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શેલત તરફથી

**ભેટ**

રૂ. ૧૫૦૦૧/– સ્વ. ઈન્દુપ્રસાદ બી. દવે, સ્વ. રમાબેન ઈન્દુપ્રસાદ દવે તથા સ્વ. વિપુલભાઈ ઈન્દુપ્રસાદ દવેના સ્મરણાર્થે હસ્તે શ્રી પ્રવિણભાઈ ઈન્દુપ્રસાદ દવે (ગુરૂદેવશ્રી), રૂ. ૧૫૦૦૦/– સ્વ. જ્યોતિબેનના સ્મરણાર્થે હસ્તે શ્રી રાજેન્દ્રભાઈ એન. પંડ્યા તરફથી

**૨૦મો અમૃત મહોત્સવ**

તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સંસ્થાનો ૨૦મો અમૃત મહોત્સવ કાર્યક્રમ ગુજરાત રાજ્યમાં ડોક્ટર તરીકે વિવિધ સ્થળોએ ફરજ બજાવી ચૂકેલ ડૉ. રમેશચંદ્ર મનુભાઈ દવેની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. આ કાર્યક્રમની શરૂઆત પ્રમુખશ્રી કમલેશભાઈ ભટ્ટના આવકાર પ્રવચનથી થઈ હતી. ત્યારબાદ મહેમાનશ્રીને બુકે, શાલ તથા મેમેન્ટોથી સન્માનિત કરવામાં

આવ્યા હતા. મહેમાનશ્રીની વતી સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભૂપેન્દ્રભાઈ એમ. ખંભોળજાએ ડૉ. રમેશભાઈ વતી શાબ્દિક પ્રવચન કર્યું હતું અને સંસ્થાનો આભાર માન્યો હતો તથા અવનવા કાર્યક્રમ નિયમિત કરતા રહો તેવી શુભેચ્છા-માર્ગદર્શન આપ્યા હતા.

ત્યારબાદ અમદાવાદ સ્થિત અને ૭૫ વર્ષ પૂર્ણ થયેલ હતાં. તેવા વડીલોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાલ આપણી જ્ઞાતિના જ સેટેલાઈટ વિસ્તારમાં રહેતા શ્રી મુકેશભાઈ ભટ્ટ તરફથી, કીટ શ્રી બિપીનભાઈ જોષી તરફથી વડીલોને આપવામાં આવી હતી. કીટ માટેની થેલીનું સૌજન્ય શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ તરફથી મળેલ.

ડૉ. રમેશભાઈએ તેમના સ્વ. પત્નીશ્રી વિનોદાબેનની યાદીમાં રૂ. ૨૫૦૦૦/- શૈક્ષણિક વિષયક ફંડ આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જ્ઞાતિજન શ્રી રાજેન્દ્રભાઈ એન. પંડ્યા તરફથી રૂ. ૧૫૦૦૦/- રૂ. તથા શ્રી પ્રવિણભાઈ (ગુરૂદેવ) તરફથી રૂ. ૧૫૦૦૦/- ખુરશી લાવવા માટે ડોનેશન પ્રાપ્ત થયું હતું. આ પ્રસંગે સન્માનીત વડીલોએ પણ નાની મોટી રકમનું અનુદાન સંસ્થાને કરેલ હતું.

